દેવું થઈ જતાં ફોરેન ટ્રેડનું લાઈસન્સ અન્ય વેપારીને બારોબાર વેચ્યું હતું

મહુવાના ડિહાઈડ્રેશનના વેપારી સાથે છેતરપિંડી આચરનાર બે દિવસના રિમાન્ડ પર

● ભાવનગર, તા.૯

મહુવાના ડિહાઈડ્રેશનના વેપારી સાથે ૮.૩૮ લાખની છેતરપિંડી આચનાર પોરબંદરના શખ્સ વિરૂદ્ધ મહુવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાયા બાદ મહુવા પોલીસે ફોરેન ટ્રેડના લાઈસન્સના કન્સલ્ટિંગનું કામ કરતા શખ્સની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે બે આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં છે. પ્રાથમિક તપાસમાં આરોપી માથે દેવું થઈ જતાં ખોટી સહી અને લેટરપેડની મદદથી લાઈસન્સની સ્કીપ વેચી હતી. જ્યારે આ શખ્સે મહુવાના અન્ય વેપારી સાથે પણ આવી ઠગાઈ કરી હોવાનું તપાસમાં ખુલ્યું છે.મહુવાની બુરહાની સોસાયટીમાં રહેતા મુર્તુજાભાઈ હાતિમભાઈ છતરિયાએ મહુવા પોલીસ મથકમાં જીતેન્દ્ર રણછોડભાઈ પાંજરી (રહે.રાજીવનગર, પોરબંદર) વિરૂદ્ધ નિકાસના વ્યવસાય માટે ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ રાજકોટ તરફથી ફોરેન ટ્રેડ પોલીસી ૨૦૧૫-૨૦૨૦ અંતર્ગત લાઈસન્સની જરૂરિયાત હોય, આ લાઈસન્સ ટ્રાન્સફરેબલ હોય છે અને આ લાઈસન્સ મેળવવા માટે તેઓ ઘણાં સમયથી જીતેન્દ્ર રણછોડભાઈ પાંજરીને કામગીરી સોંપતા હતા અને તેમને વિશ્વાસમાં લઈને તેમની ખોટી સહી અને લેટરપેડના આધારે તેમની લાઈસન્સ સ્કીપ અન્યને વેચી દઈ રૂ.૮,૩૮,૦૧૭ની છેતરપિંડી આચર્યાની ફરિયાદ ગત શુક્રવારે મોડી રાત્રે નોંધાવી હતી. જેના આધારે મહુવા પોલીસે ગત શુક્રવારે રાત્રિના ૧૦ કલાકના અરસામાં ઉક્ત જીતેન્દ્ર રણછોડભાઈ પાંજરી (રહે. રાજીવનગર, પોરબંદર)ની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યાં હતા. પ્રાથમિક તપાસમાં ફોરેન ટ્રેડનું લાઈસન્સના કન્સલ્ટિંગનો વ્યવસાય કરતા ઉક્ત જીતેન્દ્ર પાંજરીની માથે દેવું થઈ જતાં તેણે આ લાઈસન્સ બારોબાર અન્યને વેચી દીધાંની કબૂલાત પોલીસ સમક્ષ આપી હતી.

પોલીસ તપાસમાં પોરબંદના જીતેન્દ્ર પાંજરીએ મહુવાના અન્ય એક ડિહાઈડ્રેશનના વેપારી સાથે પણ આવી રીતે છેતરપિંડી આચરી હતી પરંતુ જે-તે વખતે આ શખ્સે તેને સોગંદનામું કરીને નિયતસમયમાં પૈસા આપી દેવાની બાહેંધરી આપી ચેક આપ્યા હતા પરંતુ તે ચેક બાઉન્સ થતાં ઉક્ત પોરબંદરના શખ્સ વિરૂદ્ધ ચેકબાઉન્સનો કેસ પણ ચાલતો હોવાનું પોલીસ તરફથી જાણવા મળ્યું છે.

કરોડોનાં કોલસા કૌભાંડમાં એક PSI, બે જમાદારની સંડોવણી

● રાજકોટ, તા.૯

કંડલા બંદરથી રાજસ્થાન જતાં ટ્રકમાંથી વિદેશી એટલે કે પેટ્રોલિયમ કોક કે જે પેટ કોક તરીકે પણ ઓળખાય છે તેની અને દેશી કોલસાની ચોરીનું મસમોટું કારસ્તાન એસએમસીએ મોરબીથી ઝડપી લીધું હતું. હવે આ પ્રકરણની તપાસ ડીજીપીએ એસએમસીને જ કરવાનો હુકમ કર્યો છે. એટલું જ નહીં એસએમસીની પ્રાથમિક તપાસમા છેલ્લા એકાદ વર્ષથી આ કારસ્તાન ચાલતું હોવાનું પણ ખુલ્યું છે. સાથોસાથ એક પીએસઆઈ અને બે જમાદારની પણ સંડોવણી ખૂલી છે.

એસએમસીએ મોરબી તાલુકાના ગાળા ગામના પાટિયા નજીક પેટ્રોલ પંપ ખાતે રેડ કરી આ કારસ્તાન ઝડપી લીધું હતું. સ્થળ પરથી રૂા. ૨.૦૫ કરોડનો ૧૫૮૪ ટન પેટ કોક, રૂા. ૪.૮૦ લાખનો ૫૦૦ ટન દેશી કોલસો, વાહનો વગેરે મળી કુલ રૂા. ૩.૫૭ કરોડના મુદ્દામાલ સાથે કુલ ૧૨ આરોપીઓને ઝડપી લીધા હતાં. જે અંગે મોરબી તાલુકા પોલીસમાં ગુનો દાખલ થયો હતો.

એસએમસીને તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે કોલસા ચોરીનું આ કારસ્તાન છેલ્લા એકાદ વર્ષથી ચાલતું હતું. જે સ્થળે દરોડો પડયો ત્યાં ગત ઓગસ્ટ મહિનાથી કારસ્તાન ચાલતું હતું. જેમાં મોરબી પોલીસની એક બ્રાંચના પીએસઆઈ અને બે જમાદારની પણ સંડોવણી છે.એસએમસીના દરોડાના પગલે મોરબી તાલુકા અને સિટીના ૧૧ જેટલા પોલીસમેનોની તાત્કાલિક અસરથી બદલી પણ કરવામાં આવી છે. પરંતુ પ્રાથમિક તપાસમાં જેની સંડોવણી ખૂલી છે તેની સામે કોઈ પગલાં લેવાયા નથી. જે બાબત આશ્ચર્યજનક છે.

એસએમસીએ સ્થળ પરથી ઝડપી લીધેલા આરોપી ભાવેશ પ્રાણજીવન શેરસિયા, જયદેવ કરસનભાઈ ડાંગર, મયુરરાજસિંહ સુખદેવસિંહ જાડેજા, સારંગ સુરેશભાઈ ગાંભવી, ભીખુભાઈ વનરાવનભાઈ ઠક્કર, જયદીપગિરી ભરતગિરી ગોસ્વામી, ગુડ્ડુકુમાર ભુધનરાય યાદવ, રાહુલ બનારસીરાય યાદવ, સંજુ કિશનભાઈ નિનામા, વિપુલ પાસુંભાઈ પરમાર, દિપક પ્રભાતભાઈ આહીર સહિતના ૧૨ આરોપીઓને આજે કોર્ટમાં રજૂ કરી આગામી તા. ૧૩ સુધી છ દિવસના રિમાન્ડ પર મેળવ્યા છે.

તમામ આરોપીઓને એસએમસીની કચેરી ગાંધીનગર ખાતે પૂછપરછ માટે લઈ જવાય તેવી શક્યતા છે. જેમાં અનેક ચોંકાવનારી વિગતો બહાર આવે તેવી પણ સંભાવના છે.

બે જૂથ વચ્ચે અથડામણ ફાટી નીકળતા પરિસ્થિતી તંગ બની હતી

નવસારીમાં પાર્કિંગ મામલે બે જૂથ વચ્ચે અથડામણ સૂત્રોચ્ચાર કરનાર ૩૦૦ સામે ફરિયાદ નોંધાઈ

● નવસારી,તા.૯

નવસારીમાં મોડી રાત્રે પાર્કિંગ મામલે બે જૂથ વચ્ચે અથડામણફાટી નીકળતા પરિસ્થિતી તંગ બની હતી. પોલીસે આ મામલે સુત્રોચ્ચાર કરનારા ૩૦૦ જણા સામે ફરિયાદ નોંધી છે. હાલત એટલી ખબાર હતી કે ખુદ એસપી દંડો લઈને ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ગત રોજ એક વિવાદમાં એટ્રોસિટી એક્ટ હેઠળ કેસ નોંધાયા પછી, મોડી રાત્રે ટોળાએ રામ મંદિરમાં ભેગા થઈ રામધૂનનું આયોજન કર્યું હતું, જેના પછી ટોળા દ્વારા કાગદીવાડ તરફ ધસી જવાની ઘટના બની હતી. જેમાં જય શ્રી રામના નારા પોકારવામાં આવ્યા હતા. પોલીસે ટોળાને વિખેરવા કાર્યવાહી કરી પરંતુ આ દરમિયાન પથ્થરમારાની ઘટનામાં એક મહિલા ઘાયલ થઈ, જેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે. આ વિસ્તારમાં શાંતિ જાળવવા માટે જિલ્લા પોલીસનો મોટો કાફલો ખડકી દેવાયો છે.

પોલીસ તેમજ સ્થાનિક આગેવાનોએ લોકોને શાંતિ જાળવવા અને સોશિયલ મીડિયામાં ફેલાતી અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરી છે. દરગાહ રોડની હાલમાં સ્થિતિ નિયંત્રિત છે.નવસારી શહેરમાં આવેલા દરગાહ રોડ પરની પેન્ટરશેખની ગલીમાં રહેતા મયુરીબેન તથા તેમના પતિ વિમલભાઈ પટેલ સાથે તેમના ઘર પાસે ઉભા હતા. તે દરમિયાન આજ મોહલ્લામાં રહેતા શાહ નવાજ ભંડેરી તેની બાઈક પર બેસીને નીકળ્યો હતો અને વિમલ પટેલને તેની બાઈક નડતી હોવાથી સાઈટ ઉપર હટાવી લેવાનું કહ્યું હતું તે દરમિયાન શાહનવાઝે તેને ગાળો આપી અને મોબાઈલ ફોન કરીને તેના અન્ય સાગરિતોને બોલાવ્યા હતા. ટૂંક સમયમાં પાંચ સાગરીતો દોડી આવ્યા હતા અને વિમલ પટેલને ગાળો આપી માર મારવાની ધમકી આપી જાતિ વિષયક અપમાન કરતી ટીપ્પણી કરી હતી. જેના પગલે બન્નો પક્ષો વચ્ચે તંદેલી પ્રસરી હતી.આ બાબતે સોશિયલ મીડિયામાં કેટલાક પોસ્ટ ઝડપી વાયરલ થઈ હતી. પરિણામે ગઈકાલે રાત્રે પટેલ દંપતીના સમર્થન કરતું ૨૦૦નું ટોળુ નવસારી ટાઉન પોલીસ મથકે ઘસી જઈને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરી હતી. બીજી તરફનું પણ યુવાનોના ટોળા પણ દરગાહ રોડ ઉપર ભેગા થતા પોલીસે ચુસ્ત ચાંપતો બંદોબસ્ત ગોઠવી બને પક્ષના ટોળાને વિખેરી દઈ પેટ્રોલિંગ હાથ ધર્યુ હતું, આ પ્રકરણમાં પોલીસે ગઈકાલે મયુરી વિમલભાઈ પટેલની ફરિયાદને આધારે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપી શાહ નવાજ ઈકબાલ શેખ અને રસીદા સમદની ધરપકડ કરી હતી, જ્યારે અન્ય આરોપીઓને પકડવા માટે ટીમો બનાવી ચકો ગતિમાન કર્યા છે.ગત મોડી રાત્રે રામ મંદિરમાં મોટી સંખ્યામાં યુવાનો ભેગા થયા હતા અને ત્યાંથી રામધૂન બોલાવી સીધા દરગાહ રોડ વિસ્તારમાં પહોંચ્યા હતા અને જય શ્રી રામના નારા પોકારવામાં આવ્યા હતા,આ મામલે પોલીસે તાત્કાલિક તત્પરતા દાખવીને દરગાહ રોડ વિસ્તારમાં મોટો પોલીસ કાફલો ખડકી દીધો હતો અને ટોળાને નિયંત્રિત કરવા માટેના પગલાં લીધા હતા.આ મામલે સામ સામે નારે બાજી પોકારવામાં આવતા પોલીસે તાત્કાલિક ૨૦૦થી ૩૦૦ જેટલા ટોળા સામે એફઆઈઆર નોંધવાની તજવીત શરૂ કરી છે. બંને જૂથ સામ સામે આવી જતા જૂથ અથડામણ ન થાય અને કાયદોની વ્યવસ્થા જળવાઈ રહે તેમાં શહેરમાં શાંતિનો માહોલ જળવાઈ રહે તેમ જ અફવાઓ ફેલાય નહીં તે માટે ટોળાને વિખેરવામાં આવ્યા હતા.

પીપલોદના બુટલેગર જેલ હવાલે

પીપલોદના બુટલેગર જશવંત ભરવાડની LCB પોલીસે પાસા હેઠળ ધરપકડ કરી ભાવનગર જિલ્લા જેલમાં ધકેલ્યો



● દાહોદ, તા.૯

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ વિસ્તારમા બેફામ રીતે પ્રતિબંધીત વિદેશી દારૂની હેરાફેરી અને અસામાજીક પ્રવૃતિમાં સંડોવાયેલા લીસ્ટેડ બુટલેગર જશવંત ભરવાડની પાસા હેઠળ અટકાયત કરી ન્ઝમ્ પોલીસે ભાગનગર જીલ્લા જેલ ખાતે મોકલી આપ્યો હતો.

દાહોદ જીલ્લો વિદેશી દારુની છુટછાટ ધરાતા પાડોશી રાજ્ય મધ્યપ્રદેશ અને રાજસ્થાનની બોર્ડર પર આવેલો જીલ્લો હોવાથી દાહોદ જીલ્લાના બુટલેગરો દ્વારા પોલીસને ચકમો આપી અવનવા કિમીયાઓ અપનાવી, ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓનો ઉપયોગ કરી મોટા પ્રમાણમા વિદેશી દારુ ઘુસાડતા હોય છે, આવા બુટલેગરો અને અસામાજિક તત્ત્વોને ઝડપી પાડવા તેમજ આવી પ્રવૃત્તિઓમા વારંવાર પોલીસ ચોપડે નોંધાયેલા ગુનાગારોની ઓળખ કરી તેમની સામે કડક કાર્યવાહી કરવામા આવતી હોય છે.દાહોદ જીલ્લામાં પણ આવી પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, જુગારના અડ્ડાઓ પર રેડ પાડવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા તેમજ અસામાજીક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસવડા ડો રાજદીપસિંહ ઝાલાની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે ત્યારે દાહોદ એલસીબી પોલીસે પ્રોહીબીશનની અસામાજીક પ્રવૃતિમાં સંડોવાયેલ અને વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગર જશુ ઉર્ફે જશવંત ભીમજી ભરવાડ (રહે. પંચેલા, ભરવાડ ફળિયું, તા. દેવગઢ બારીઆ, જિ. દાહોદ) ની પાસા ધારા હેઠળ અટકાયત કરી હતી. ત્યારે આ આરોપીના દાહોદ જિલ્લા કલેક્ટર દ્વારા પાસા કાયદા હેઠળ વોરંટ ઈશ્યુ કરતાં જશુ ભરવાડને દાહોદ એલસીબી પોલીસે જીલ્લા જેલ ભાવનગર ખાતે મોકલી આપી આગળની કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્રણેય શખ્સે યુવાનને જાનથી મારી નાંખવાની ધમકી આપી

મજૂરીએ આવવાનું પૂછતા યુવાન પર ૩ શખ્સનો હુમલો

● ભાવનગર, તા.૯

ધોલેરા તાલુકાના ભાણવડ ગામે રહેતા યુવાને મજૂરીએ આવવાનું છે કે નહિ તે શખ્સને ફોન દ્વારા પૂછતા ઉશ્કેરાયેલા ત્રણ શખ્સે લાકડી અને લોખંડના પાઈપ વડે માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

આ બનાવની જાણવા મળતી વિગત મુજબ ધોલેરા તાલુકાના ભાણવડ ગામે રહેતા મહેશભાઈ રમેશભાઈ ઢાઢોદરા પોતાનું મોટરસાયકલ ભાણગઢથી મીંગલપુર જતાં હતા ત્યારે મીંગલપુર ગામ નજીક રસ્તા પર ઊભા હતા. તેવામાં ભાણગઢ ગામના જગદીશ ઉર્ફે જીગરભાઈ વાઘેલાને ફોન કરીને કહેલ કે તારે મજૂરીએ આવવાનું છે.કે નહિ તેમ કહી મહેશભાઈએ ફોન મૂકી દીધો હતો.ત્યારબાદ સાંજના આશરે સાતેક વાગયાના સુમારે ત્યા જગદીશ ઉર્ફે જીગર પ્રવિણભાઇ વાઘેલા, કાનજી મફાભાઈ ઢાઢોદરા,જગદીશ મફાભાઇ ઢાઢોદરા લોખંડના પાઇપ અને લાકડી સાથે ધસી આવ્યા હતા.અને જગદીશ ઉર્ફે જીગર વાઘેલા કહેવા લાગેલ કે તારી સાથે મારે મજુરી એ નથી આવુ તેમ કહીને બોલાચાલી કરી ગાળો આપી હતી.જગદીશ વાઘેલાએ લાકડીનો એક ઘા જમણા પગના સાથળના ભાગે મારેલ અને તેને બીજો લાકડીનો ઘા ડાબા પગના સાથળ ના ભાગે ઝીંકી દીધી હતો. અને કાનજી ઢાઢોદરાએ લોખંડની પાઈપનો એક ઘા જમણા પગના સાથળ ઉપર ઝીંકી દેતા મહેશભાઈ રોડ ઉપર પડી જતા જગદીશ,કાનજી,જગદીશએ ગદાપાડુનો મુઢ મારી ત્રણેયએ જતા જતા કહેતા હતા કે આજેતો તુ બચી ગયો છુ પરંતુ હવે પછી જો તુ અમારી સામુ મળીશ તો અમે તને જાનથી મારી નાખીશુ તેવી ધમકી આપી જતા રહ્યા હતા. ત્યારબાદ મહેશભાઈ ને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.આ બનાવ સંદર્ભે મહેશભાઈએ ધોલેરા પોલીસ મથકમાં ત્રણ શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જંત્રીના વધારાનો વિરોધ

આણંદ બિલ્ડર એન્ડ લેન્ડ ડેવલોપર્સ એસોસિયેશન દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર અપાયું

● આણંદ, તા.૯

રાજ્યના પ્રવર્તમાન જંત્રીના દર માં કરેલ અસહ્ય વધારાના વિરોધમાં આજરોજ આણંદ બિલ્ડર એન્ડ લેન્ડ ડેવલોપર્સ એસોસિયેશન દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું છે. આ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, રાજયના સર્વાંગી વિકાસમાં બાંધકામ વ્યવસાય સૌથી વધુ પ્રદાન આપી રહેલ મહત્વનું સેકટર છે. જેની સાથે ૨૮૦ થી વધુ નાની મોટી ઈન્ડસ્ટ્રીઝ નભે છે અને શહેરી વિસ્તારોમાં વધુ સૌથી વધુ રોજગારીની તકોનું સર્જન કરવાની સાથે નાગરિકોને પાયાની જરૂરિયાત પૈકી સૌથી અગત્યની મકાનની જરૂરિયાત પૂર્ણ કરે છે. આથી જ રીયલ એસ્ટેટ સેક્ટરને રાજ્ય તથા દેશના ગ્રોથ એન્જિન તરીકે ગણવામાં આવે છે. સરકાર દ્વારા હજુ થોડા સમય પહેલા જ જંત્રીના દરમાં ધરખમ વધારો કરેલ હોવા છતાં પ્રવર્તમાન દરમાં ૨૦૦ ટકા થી ૨૦૦૦ ટકાનો તોતિંગ અને અસહ્ય ધરખમ વધારો કરીને તારીખ ૨૦-૧૧-૨૪ ના રોજ સૂચિત જંત્રી બહાર પાડેલ છે અને રાજ્યમાં આશરે ૪૦ હજારથી વધુ વેલ્યુઝોન છે અને આ જંત્રી ફરી તૈયાર કરવા માટે સરકારએ પોતાની તમામ ટેકનીકલ ટીમ અને મશીનરીના સહયોગ હોવા છતાં ૧૮ માસનો સમય થયેલ હોવાનું જણાયેલ છે. આમ છતાં તે અંગેના વાંધા રજુ કરવા અંગે ફક્ત ઓનલાઈન પોર્ટલની સુવિધા ઉપલબ્ધ છે અને તે માટેનો સમય ફક્ત ૩૦ દિવસનો જણાવેલ છે.રાજ્યના મોટા ભાગની ખેડૂત અને સામાન્ય પ્રજાજનોને આ અંગેની પ્રક્રિયાની જાણકારી સુદ્ધા નથી. વધુમાં ઘણા કિસ્સાઓમાં દર્શાવેલ દર હાલની બજારની વાસ્તવિક સ્થિતિથી ઘણા વધુ છે. આમ આ જંત્રી સાયન્ટીફીક રીતે તૈયાર કરેલ હોવાનું જણાતું નથી અને તેના અમલથી સરવાળે ખેડૂત, મિલકત ખરીદનાર, સામાન્ય પ્રજાજનો અને વિકાસકર્તા ઉપર વધારાનું અતિશય આર્થિક ભારણ વધશે જેનાથી રાજ્યના વિકાસની ગતિ અવરાધાશે તેવું અમો સ્પષ્ટ માનીએ છીએ.

રાજ્યમાં ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ મુક્યો છે

ઉત્તરાયણ આવે એ પહેલા જ ચાઇનીઝ દોરીની હેરાફેરી શરૂ, બે શખ્સોની અટકાયત

● આણંદ, તા.૯

ઉત્તરાયણનાં તહેવાર પહેલા વેપારીઓ દ્વારા પતંગ તેમજ દોરીનો સ્ટોક શરૂ કરી દીધો છે. રાજ્યમાં ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ મુક્યો હોવા છતાં કેટલાક લેભાગુ વેપારીઓ ચાઈનીઝ દોરીનો સ્ટોક કરી રહ્યા હોવાનું પોલીસનાં ધ્યાને આવવા પામ્યું હતું. આણંદ પોલીસને મળેલ બાતમીનાં આધારે આણંદમાંથી ચાઈનીઝ દોરીની હેરાફેરી કરતા બે લોકોને આંકલવા પોલીસે ઝડપી પાડ્યા હતા.આંકલવા પોલીસે ઉમટા પાસેથી ચાઈનીઝ દોરીની હેરાફેર કરી રહેલા બે લોકોને ઝડપી પાડ્યા હતા. તેઓની પૂછપરછ હાથ ધરતા તેઓએ ચાઈનીઝ દોરીની ૯૬ રીલ હોવાનું જણાવતા પોલીસે તે તમામ રીલ જપ્ત કરી લીધી હતી. તેમજ રીલ સહિત કુલ ૪૪ હજારનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો. પોલીસે મહેશ અને શૈલેષ નામનાં બે આરોપીની અટકાયત કરી તેઓની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.ઉત્તરાયણ પહેલા અમદાવાદમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો ઝડપાયો છે. પ્રાથમિક વિગતો મુજબ પોલીસ દ્વારા ૪.૭૨ લાખથી વધુની કિંમતના ૧૮૯૦ રીલ પકડી પાડવામાં આવ્યા છે.

અંબાજી મંદિર અને ભીડભંજન મંદિરનો વહીવટ મામલતદારને સોંપ્યો હતો

મહેશગીરીએ હરિગિરી અને પ્રેમગીરી અને તેમની ગેંગ પર જમીન પચાવી પાડવાનો આરોપ લગાવ્યા

● જૂનાગઢ, તા.૯

અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદ ભવનાથ મંદિર અને અંબાજી મંદિરની ગાદીને લઈને વિવાદ સર્જાયો છે. થોડા સમય પહેલા જૂનાગઢ કલેકટરે દત્તાત્રેય મંદિર, અંબાજી મંદિર અને ભીડભંજન મંદિરનો વહીવટ મામલતદારને સોંપ્યો હતો.ભૂતનાથ મંદિરે મહેશગીરી દ્વારા ભાગવત સપ્તનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજે છેલ્લા દિવસે ધાર્મિક સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેશગીરીએ હરિગિરી અને પ્રેમગીરી અને તેમની ગેંગ પર જમીન પચાવી પાડવાનો આરોપ લગાવ્યો હતો.મહેશગીરીએ કહ્યું કે, હું ગરીબ સાધુઓની જમીન હડપ કરવા સામે અવાજ ઉઠાવી રહ્યો છું. મારી સાથે હાજર ઘણા સાધુઓએ મને કહ્યું કે અમારે રાજીનામું આપવું પડશે, મેં તેમને કહ્યું કે આ એક જમીન હડપ કરનાર ટોળકી છે, જેણે ધર્મને ભ્રષ્ટ કર્યો છે, આવા મૂર્ખો માટે રાજીનામું ન આપવું જોઈએ, તેઓની છાતી પર બેસીને કહેવું જોઈએ કે તેમના આ પાપો છે. પ્રતિબદ્ધ છે.

ભાગવત સપ્તાહના અંતિમ દિવસે આજે ધાર્મિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેશગીરી દ્વારા ભૂતનાથ મંદિર ખાતે ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાગવત સપ્તાહના અંતિમ દિવસે આજે ધાર્મિક સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ઋષિ-મુનિઓ અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.આ ધાર્મિક સભામાં મહેશગીરી મહારાજે હરીગીરી મહારાજ, પ્રેમગીરી મહારાજ અને તેમની ટોળકી પર શાબ્દિક પ્રહારો કર્યા હતા અને જમીન પચાવી પાડવાનો આરોપ લગાવ્યો હતો. મહેશગીરી મહારાજે કહ્યું કે, હું ૧૪ વર્ષ ગિરનારમાં રહ્યો અને પછી દિલ્હી ગયો. જ્યાં શ્રી શ્રી રવિશંકર મહારાજે મારો હાથ પકડ્યો અને ત્યાર બાદ હું ચૂંટણી લડ્યો અને સાંસદ બન્યો. તે સમયે મને હતાશામાંથી બહાર લાવવા માટે હું શ્રી શ્રી રવિશંકર મહારાજનો આભારી છું. અને રાજકારણ પછી, કમંડલ કુંડના મારા શિષ્યનું કોરોના સમયગાળા દરમિયાન અવસાન થયું, મારી ચાદર વિધિ ફરીથી રાણપુરમાં થઈ.

તે સમયે મેં પ્રેમગીરી અને હરિગીરી મહારાજને એક-એક લાખ રૂપિયાની ભેટ આપી હતી. રાણપુરના તમામ રહેવાસીઓ આના સાક્ષી છે. અત્યારે હરિગીરી બાપુની ટોળકી અખાડા પર વર્ચસ્વ જમાવી રહી છે, પણ હું તેમના સામ્રાજ્યનો નાશ કરીશ. હરિગીરી ગેંગનો ભોગ બનેલા સાધુઓએ આગળ આવીને પોતાનો અવાજ ઉઠાવવો જોઈએ. આ ઢોંગીઓનો પર્દાફાશ થવો જોઈએ. ધર્મને બદનામ કરનારા સાધુઓએ રાજીનામું ન આપવું જોઈએ, તેમના પાપ ખુલ્લેઆમ બહાર આવવા જોઈએ. નકલી સંતો હોવાનો ઢોંગ કરનારાઓને કારણે સાચા સંતો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

મહેશગીરી બાપુએ કહ્યું કે મેં જે પણ કહ્યું છે તે ભગવાન ભાગવતની હાજરીમાં શપથ લીધા બાદ કહ્યું છે. આજે સાચા સંતો નકલી અને દંભી ઢોંગીઓને કારણે સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. મેં મારા ગુરુ અમૃતગીરી પાસેથી સારું શિક્ષણ મેળવ્યું છે. પરંતુ તે પછી મારી સેવા કરવા માટે મારી પાસે પાંચ ગુરુઓ હતા. તે તેમની ધોતી ઉતારી માલિશ કરવા કહેતા કે આજે ગુરુ સેવા છે.

H'ble Shri. Jiwane Saheb
H'ble District & Sessions Judge-1, Nashik
Exh. No. 17 • Advocate : V.B. Medge • MACP NO. 705 / 2020
In The Court H'ble District & Session Judge, At Nashik
Adarsh Anil Salve & Others ..... Applicant
R/o. Jail Road, Nashik Road, Nashik
To, V/s
(1) Rita Girish Maheshwari & Other ..... Opponent
R/o. Gurukul Tarsali Village, Ta & Dist. Vadodara, Gujarat- 9
WHEREAS the applicant has filed the claim for compensation of Rs. 1,00,000/- against opponent No. 1 & 2 in this H'ble Court.
The notice issued for service by RPAD and through Court was avoided by you. The last known address of Opp. No.1 is as above.
You are therefore directed to remain present personally or through your Advocate on 16/01/2025 at 10.30 to file written statement otherwise, Ex- parte hearing will be continued by Hon'ble Court.
Given under my hand and the seal of the Court this 4 day of Dec 2024
Seal of the Court
Superintendent,
District and session court, Nashik

H'ble Shri. Jiwane Saheb
H'ble District & Sessions Judge-1, Nashik
Exh. No. 16 • Advocate : V.B. Medge • MACP NO. 706 / 2020
In The Court H'ble District & Session Judge, At Nashik
Adarsh Anil Salve & Others ..... Applicant
R/o. Jail Road, Nashik Road, Nashik
To, V/s
(1) Rita Girish Maheshwari & Other ..... Opponent
R/o. Gurukul Tarsali Village, Ta & Dist. Vadodara, Gujarat- 9
WHEREAS the applicant has filed the claim for compensation of Rs. 1,00,000/- against opponent No. 1 & 2 in this H'ble Court.
The notice issued for service by RPAD and through Court was avoided by you. The last known address of Opp. No.1 is as above.
You are therefore directed to remain present personally or through your Advocate on 16/01/2025 at 10.30 to file written statement otherwise, Ex- parte hearing will be continued by Hon'ble Court.
Given under my hand and the seal of the Court this 4 day of Dec 2024
Seal of the Court
Superintendent,
District and session court, Nashik

INTEGRA SWITCHGEAR LIMITED
Regd.Office: 102, Gharonda Appts, Indira Marg, Navapura, Vadodara 390010, Gujarat.
E-mail : integra.pankajvora@gmail.com Website:-www.integraindia.com
CIN :L29130GJ1992PLC018684 Tel+91 0265-2831195 / 2830114
NOTICE
Notice is hereby given that the Extra-ordinary General Meeting (EGM) of the Members of the Company will be held on Tuesday, 31st December, 2024, at 3.00 p.m.through video conferencing (VC) / Other Audio-Visual Means (OAVM) to transact the business as set out in the notice convening the EGM dated 5th December, 2024, in compliance with General Circular No. 09/2024 dated September 19, 2024 read with circulars dated September 25, 2023, December 28, 2022, May 5, 2022, January 31, 2021, May 5, 2020, April 8, 2020 and April 13, 2020 (collectively referred to as "MCA Circulars") & SEBI Circular No. SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/ 2024/133 dated October 3, 2024 read with SEBI Circular No. SEBI/HO/DDHS/P/CIR/2023/0164 dated October 6, 2023 and SEBI/HO/CFD/PoD2/CIR/P/2023/120 dated July 11, 2023 (collectively referred to as "SEBI Circulars") permitting the holding of Extra-ordinary General Meeting through video conferencing (VC) or other audio visual means (OVAM).The Company had already published notice with procedure in English (Business Standard) and Gujarati (Vadodara Samachar) newspapers dated 3rdDecember, 2024 requesting shareholders to register email addresses with the Company and same is available at the website of the Company at www.integraindia.com.
The Company has availed services for holding EGM through VC/OVAM from 'National SecuritiesDepositories Limited (NSDL)'. NSDL has sent the said notice on 9th December, 2024through electronic mode (e-mail) to those members whose e-mail addresses were registered with the Company / RTA / Depository.
Notice is also hereby given pursuant to Section 91 of the Companies Act, 2013, the register of members and share transfer books of the Company shall remain closed from Wednesday, the 25thDecember, 2024 to Tuesday, the 31stDecember, 2024 [both days inclusive]for the purpose of EGM.
Notice is also hereby given pursuant to the provisions of Section 108 of the Companies Act, 2013 read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014, the company is pleased to provide the members with the facility to cast their votes electronically (remote e-voting).The remote e-voting period begins on from 9.00 a.m. (IST) on Saturday, 28thDecember, 2024 (9:00 a.m.) to Monday, 30thDecember, 2024 (5:00 p.m.).Any person, who is member of company holding shares as on the cut-off date i.eTuesday, 24thDecember, 2024is eligible to cast votes on all resolutions using remote e-voting facility. The remote e-voting facility shall not be allowed beyond the said date and time.
In case you have any queries or issues regarding e-voting, you may refer the Frequently Asked Questions ("FAQs") and e-voting manual under help section on the website of NSDL or write an email to evoting@nsdl.co.in/1800 1020 990 and 1800 22 44 30.
The notice of EGM and detailed e-voting instructions is also available on the Company's website at **www.integraindia.**comand Stock Exchange i.e. BSE Limited at **www.bseindia.com,** and on the website of National Securities Depositories Limited (NSDL) at **https://www.evoting.nsdl.com.**
Date: 09-12-2024
Place: Vadodara
FOR INTEGRA SWITCHGEAR LIMITED
sd/ Rehanabibi Kudalkar, Company Secretary and Compliance Officer

Steelco Gujarat Limited
STEELCO GUJARAT LIMITED ENGINEERED FOR EXCELLENCE
Registered Office : Plot No.2, G.I.D.C. Estate, National Highway No. 8, Palej - 392 220. Tel No. : 91-2642-277 479 / 480 / 481.
Website : www.steelcogujarat.com | CIN No. : L27110GJ1989PLC011748
NOTICE OF POSTAL BALLOT
Shareholders of the Company may note that in compliance with General Circular no. 14/2020 dated 08.04.2020, 17/2020 dated 13.04.2020 and 20/2020 dated 05.05.2020 read with other relevant circulars, issued by the Ministry of Corporate Affairs ("MCA Circulars"), Regulation 44 of LOD